**Bindu, Ahmedabad, November 26,2009**

# ટીસીએસ આઈટી વિઝ ૨૦૦૯ અમદાવાદમાં યોજાશે

## શાળાઓ માટેની ભારતની સૌથી મોટી ટેક ક્વિઝનું ૧ ડિસેમ્બરના રોજ આયોજન

ભારતની અગ્રણી આઈટી સર્વિસિઝ, બિઝનેસ સોલ્યુશન્સ અને આઉટસોર્સિંગ કંપની ટીસીએસે આજે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે શાળાઓ માટેની ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ ટીસીએસ આઈટી વિઝ-૨૦૦૯ સતત ત્રીજા વર્ષે, તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૦૯ને મંગળવારના રોજ અમદાવાદમાં યોજાશે. ૧૯૯૯માં શરૂ કરાયેલ ટીસીએસ આઈટી વિઝ ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ છે અને તેના ઉચ્ચતમ સ્તર અને સંશોધનને કારણે તે દેશની અન્ય આંતરશાળાકીય ક્વિઝમાં માપદંડ ગણાય છે. ગયા વર્ષે ટીસીએસ આ માટે **www.tcstwiz.com** નામની વેબસાઈટ પણ લોન્ચ કરી છે.

આ વર્ષે ૨૯ જુલાઈના રોજ બેંગ્લોરમાં ટીસીએસ આઈટી વિઝનું લોન્ચિંગ કરાયું હતું. ચેન્નાઈ આવૃત્તિ બાદ આ ક્વિઝ હૈદરાબાદ, કોઈમ્બતુર, કોલકાતા, ભુવનેશ્વર, દિલ્હી, કોચી, લખનૌ, મુંબઈ અમદાવાદ અને પૂણેમાં પણ યોજવામાં આવશે. આ રાષ્ટ્રવ્યાપી ક્વિઝ આશરે ૨૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચશે. ટીસીએસ આઈટી વિઝ વિદ્યાર્થીઓમાં આઈટી અંગે જાગરૂકતા ફેલાવવાનો તથા આઈટી વિશ્વમાં થતા નિતનવા સંશોધનોતી તેમને માહિતગાર રાખવાનો ધ્યેય ધરાવે છે.

૨૦૦૯ ટીસીએસ આઈટી વિઝનના વિજેતાઓને લેપટોપની ભેટ અપાશે જ્યારે રનર્સ અપને કેમેરા અને ડિજિટલ ફોટો ફ્રેમ્સ અપાશે. આ ઉપરાંત છ ફાઈનલિસ્ટને ટીસીએસ તરફથી બેકપેક્સ, ઘડિયાળ તથા એમપીઉ પ્લેયર્સ જેવા ઈનામો પણ એનાયત કરવામાં આવશે.